ધી સાબરકાંઠા ડિસ્ટ્રીકટ સેન્ટ્રલ કો-ઓપરેટીવ બેંક લિ., હિંમતનગર.

અનંત આસ્થા

SK BANK

સાકો બેંક

The Sabarkantha District Central Co-operative Bank Ltd.

स्वच्छ भारत

एक कदम स्वच्छता की ओर

૬૨ મો વાર્ષિક અહેવાલ

૨૦૧૯-૨૦

સ્વસ્થ રહો, સુરક્ષિત રહો.

Key Ratios & Parameters of Last Five Years

Particulars	2015-16	2016-17	2017-18	2018-19	2019-20
Average Working fund	200896.20	224630.28	223596.47	246814.36	267670.02
Average Advances	130290.12	141542.09	128995.17	124791.85	125280.87
Average Deposite	140390.50	162832.24	175107.09	194853.58	214209.70
CD Ratio	92.81	86.92	73.67	64.04	58.48
Cost of Funds	5.72	5.25	4.85	4.53	4.58
Average cost of Deposit	6.43	5.84	5.49	5.29	5.29
Average cost of Borrowing	7.26	7.30	8.03	4.71	5.27
Cost of Management as%to W.F.	2.35	2.28	2.38	2.51	2.47
Misc, Income as% to W.F.	0.27	0.25	0.35	0.32	0.33
Financial Margin	2.81	2.71	2.82	2.92	2.87
Risk Cost as% W.F.	0.27	0.37	0.61	0.48	0.45
Net Margin	0.46	0.43	0.44	0.41	0.40
Operating Profit	1773.09	1701.49	1798.77	2026.86	2109.52
Provisions	873.09	750.49	823.77	1001.86	1034.52
Net Profit	900.00	951.00	975.00	1025.00	1075.00
Average Operating Profit per Emp.	2.47	2.22	2.32	2.65	2.79
Average Net Profit per Emp.	1.26	1.24	1.26	1.34	1.42
Average Operating Profit Per Branch	15.41	14.79	14.39	15.71	16.22
Average Net Profit per Branch	7.82	8.27	7.80	7.94	8.26
Average Business per Emp.	378.05	396.83	391.88	418.93	450.25
Average Business per Branch	2353.74	2646.73	2432.82	2477.87	2611.47
Average % of Low cost Deposit	42.73	45.10	47.60	48.48	47.91
Gross NPA	(1.32)	(1.25)	(2.37)	(3.67)	3.34
	1576.49	1643.17	2955.50	4558.36	4164.08
Net NPA	0%	0%	0.0%	0.0%	0%
CRAR	8.59	11.26	11.64	11.84	11.12
Net Worth As on 31st March	7432.46	9389.19	10071.41	10727.44	12266.53

ધી સાબરકાંઠા ડિસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટીવ બેંક લિ., હિંમતનગર.

સંચાલક મંડળ સને ૨૦૧૯-૨૦૨૦



શ્રી મહેશભાઈ એ. પટેલ
ચેરમેનશ્રી

શ્રી રાજેન્દ્રસિંહ એન. ભાટી
વાઈસ ચેરમેનશ્રી

શ્રી પંકજભાઈ એન. પટેલ
માનદ્ મેનેજીંગ ડિરેકટરશ્રી

શ્રી અજયભાઈ એચ. પટેલ
ડિરેકટરશ્રી

શ્રી રાજેન્દ્રસિંહ આર. ચાવડા
ડિરેકટરશ્રી

શ્રી જશુભાઈ એસ. પટેલ
ડિરેકટરશ્રી

શ્રી મુકેશભાઈ આર. પટેલ
ડિરેકટરશ્રી

શ્રી જેઠાભાઈ પી. પટેલ
ડિરેકટરશ્રી

શ્રી એન. ટી. ઉપાધ્યાય
ડિરેકટરશ્રી

શ્રી જગદીશભાઈ એસ. પટેલ
ડિરેકટરશ્રી

ધી સાબરકાંઠા ડિસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટીવ બેંક લિ., હિંમતનગર.

સંચાલક મંડળ સને ૨૦૧૯-૨૦૨૦

શ્રી શામળભાઇ એસ. પટેલ
ડિરેકટરશ્રી

શ્રી ઉમેશકુમાર સી. અમીન
ડિરેકટરશ્રી

શ્રી ગોપાલભાઇ એમ. પટેલ
ડિરેકટરશ્રી

શ્રી અરવિંદભાઇ વી. પટેલ
ડિરેકટરશ્રી

શ્રી ધીરજભાઇ પી. પટેલ
ડિરેકટરશ્રી

શ્રી જ્યોતિન્દ્રભાઇ આર. પટેલ
ડિરેકટરશ્રી

શ્રી પંકજકુમાર આર. પટેલ
ડિરેકટરશ્રી

શ્રી ઇશ્વરભાઇ જે. પટેલ
ડિરેકટરશ્રી

શ્રી કલ્પેશકુમાર ડી. પટેલ
ડિરેકટરશ્રી

શ્રી કનુભાઇ એમ. પટેલ
પ્રો. ડિરેકટરશ્રી

શ્રી જયંતિભાઇ જી. પટેલ
પ્રો. ડિરેકટરશ્રી

શ્રી એસ. બી. ચૌહાણ
જિલ્લા રજીસ્ટ્રારશ્રી
સહકારી મંડળીઓ

શ્રી એચ.એમ. પટેલ
એડવાઇઝર ટુ ધી બોર્ડ

શ્રી એચ. પી. નાયક
ચીફ એક્ઝીક્યુટીવ

ગૃહ રાજ્યમંત્રી પ્રદીપસિંહ જાડેજાના હસ્તે સાબરકાંઠા બેન્કના ચેરમેનનું સન્માન

કોરોનાના જીવલેણ વાયરસથી સમગ્ર ભારતમાં લોકોના જીવનનું મોટુ નુકશાન થયું છે. આવા સમયે શરૂઆતમાં આ જીવલેણ રોગ આવતા સરકાર દ્વારા અગમચેતીના ભાગરૂપે લોકડાઉન લગાવવામાં આવેલ. આવા સમયે અનેક ગરીબ તથા મધ્યમ વર્ગનું જીવન ધોરણ ચલાવવું સંકટમાં આવેલ ત્યારે સરકાર તેમજ અનેક સેવાભાવી લોકોએ શકય એટલી લોકોને મદદ કરવાના પ્રયત્નો કરેલા ત્યારે સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્કના ચેરમેન મહેશભાઈ અમીચંદભાઈ પટેલે પણ તેમના પિતાશ્રીની જેમ વ્યક્તિગત રીતે પણ અનેક લોકોને શકય એટલી મદદ કરેલી. જેમાં ૨૦ હજાર ઉપરાંત માસ્કનું વિતરણ કરેલ તેમજ ૨૦૦૦ જેટલી અનાજ-રાશનની કીટો પણ સમગ્ર જિલ્લામાં વિતરણ કરી માનવતાનું ઉત્તમ ઉદાહરણ પુરુ પાડેલ. આ સિવાય પણ તેમણે શકય તેટલી અન્ય જીવન નિર્વાહ માટે ઉપયોગી વસ્તુ તેમજ રોકડ સહાય આપેલ. જેના સમગ્ર વહીવટી તંત્ર પણ તેમના કાર્યથી વાકેફ હતા જ આ કાર્ય બદલ ૧૫મી ઓગષ્ટે હિંમતનગર ખાતે પોલીસ પરેડ ગ્રાઉન્ડમાં રાજ્યના ગૃહ રાજ્યમંત્રીશ્રી પ્રદીપસિંહ જાડેજાના વરદ્‌હસ્તે મહેશભાઈ એ. પટેલનું અભિવાદન કરી સન્માન કરવામાં આવેલ.

પ્રધાનમંત્રી માનધન યોજના અંતર્ગત લોન તથા ડિપોઝીટ યોજનાનું લોકાર્પણ કરતા માન. કલેકટર સાહેબ, માન. ચેરમેન સાહેબ તથા બોર્ડ ઑફ ડિરેકટર્સ



ઈડર તાલુકાના કાનપુર ગામના ખેડૂત સભાસદના વારસદારને રૂા. ૫/- લાખના અકસ્માત વીમાનો ચેક અર્પણ કરતા માન. ચેરમેન સાહેબ, માન. ડિરેકટરશ્રી તથા ગ્રામજનો.

બેંકની ૧૩૦મી લીંબ શાખાનું
ઉદ્ઘાટન કરતા
માન. ચેરમેન સાહેબશ્રી તથા
બોર્ડ ઑફ ડાયરેકટર્સશ્રીઓ



બેંકના સમગ્ર સ્ટાફની
ચિંતન શિબિરમાં
ઉદ્બોધન કરતા
બેંકના માન. ચેરમેનશ્રી
મહેશભાઇ પટેલ સાહેબ

भारतीय रिज़र्व बैंक
ग्रामीण आयोजना और ऋण विभाग
क्षेत्रीय कार्यालय, अहमदाबाद

Reserve Bank of India
Rural Planning & Credit Department
Regional Office, Ahmedabad.

लाइसेंस सं. ग्राआऋवि (अह) 20/2011-12
दिनांक : 25 जून, 2012

भारतीय रिज़र्व बैंक को बैंककारी विनियमन अधिनियम, 1949 की धारा 56 (ओ) के साथ पढ़ी जानेवाली धारा 22(1) द्वारा प्रदत्त शक्तियों का प्रयोग करते हुए **दि साबरकांठा डीस्ट्रीक्ट सेंन्ट्रल को–ओपरेटीव बेंक ली., सहकार भवन, हिम्मत हायस्कूल के सामने, शुक्ला रोड, हिम्मतनगर – 383 001** को एतदद्वारा निम्नलिखित शर्तो के अधीन बैंकिंग कारोबार प्रारंभ करने और उसे चालु रखने का लाईसेंस प्रदान किया जाता है :

(क) बैंक के परिचालन का क्षेत्र केवल संबंधित गुजरात राज्य के साबरकांठा जिले तक ही सीमित होगा ।

(ख) बैंक अपने पंजीकृत कार्यालय में लाईसेंस अथवा उसकी प्रमाणित प्रतिलिपि अपना कारोबार शुरू करने के दिन / लाईसेंस प्राप्त होने के बाद की तारीख से प्रदर्शित करेगा ।

(बि. एन. लोनारे)
उपमहाप्रबंधक

Licence No. RPCD (AH) 20/2011-12
Dated : 25 June 2012

In exercise of the power conferred on the Reserve Bank of India by Section 22 (1) read with Section 56(0) of the Banking Regulation Act, 1949 **The Sabarkantha District Central Co-operative Bank Ltd., Sahakar Bhavan, Opp. Himmat High School, Shukla Road, Himmatnagar - 383 001** is hereby granted a licence to commence and carry on banking business, subject to the following conditions :

(a) **The area of operation of the bank shall be confined only to the Sabarkantha District of Gujarat State.**

(b) This licence or a certified copy thereof shall be displayed at the registered office of the bank from the day on which it commences business / date following the receipt thereof.

(B.N. Lonare)
Deputy General Manager

This licence has been issued in lieu of the licence (RPCD (AH) 8/2009-10 dated February 22, 2010) issued earlier by this office vide RPCD (AH) No. 3873/04.01.02/2009-10 dated February 22, 2010.

ધી સાબરકાંઠા ડિસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટીવ બેંક લિ.

શુકલ રોડ, હિંમતનગર-૩૮૩ ૦૦૧, જિ. સાબરકાંઠા.

વાર્ષિક સાધારણ સભાની નોટીસ

આથી બેંકના તમામ સભાસદશ્રીઓને જણાવવામાં આવે છે કે, બેંકની **બાસઠમી વાર્ષિક સાધારણ સભા તા. ૧૧-૦૯-૨૦૨૦ ને શુક્રવારના રોજ સવારના ૧૦-૩૦ કલાકે (સાડા દસ વાગે) મળશે.** તો તે સમયે સભાસદ અગર તો તેઓના અધિકૃત પ્રતિનિધિએ તેઓએ આપેલ મોબાઈલ નંબર દ્વારા ઓનલાઈન થઈ વાર્ષિક સાધારણ સભામાં હાજરી આપવા વિનંતી છે.

।। કાર્યસૂચિ ।।

૧. તા. ૧૫-૦૬-૨૦૧૯ ની ગત સાધારણ સભાના અહેવાલની નોંધ લેવા બાબત.

૨. (અ) રીઝર્વ બેંક ઑફ ઈન્ડિયાનો ડિવિડન્ડ ચૂકવવા માટેનો આવેલ પરિપત્ર વંચાણે લેવા બાબત.

(બ) તા. ૩૧-૩-૨૦૨૦ ના રોજ પૂરા તા વર્ષ આખરના બેંકના કામકાજનો અહેવાલ, સરવૈયું, નફા-તોટા પત્રક તથા નફાની વહેંચણી વગેરેને બોર્ડ ઓફ ડિરેકટર્સની ભલામણ મુજબ મંજુરી આપવા બાબત.

૩. સને ૨૦૧૯-૨૦૨૦ ના વર્ષના હિસાબના ઓડીટ રીપોર્ટની નોંધ લેવા બાબત.

૪. સને ૨૦૨૦-૨૦૨૧ ના વર્ષ માટે વૈધાનિક ઓડીટર્સની નિમણુંક કરવા બાબત તથા તેમનું મહેનતાણું નક્કી કરવા બાબત.

૫. નામદાર ગુજરાત સરકારશ્રી દ્વારા જાહેર કરેલ ''વન ટાઈમ સેટલમેન્ટ યોજના'' અન્વયે થયેલ કામગીરી મંજુર રાખવા તથા માનનીય રાજય રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ ગુજરાત રાજ્યનો આવેલ પત્ર વંચાણે લેવા બાબત

૬. અધ્યક્ષશ્રી તરફથી અગરતો તેઓશ્રીની મંજુરીથી જે કંઈ કામો રજુ થાય તે ઉપર વિચારણા કરી યોગ્ય કરવા બાબત.

બોર્ડ ઓફ ડિરેકટર્સના આદેશથી
હિતેનકુમાર પી. નાયક
ચીફ એક્ઝીક્યુટીવ

હિંમતનગર.
તા. ૨૯-૦૪-૨૦૨૦

નોંધ : (૧) સભા નોન કોરમ થશે તો તેજ તારીખે અને સ્થળે અડધા કલાક બાદ સભાનું કામકાજ હાથ ધરવામાં આવશે. અને કોરમ બાધ આવશે નહીં.

(૨) હિસાબો અંગે વિશેષ માહિતીની જરૂર હોય તો તા. ૫/૯/૨૦૨૦ પહેલા લેખિત જાણ કરવા વિનંતી છે.

વિશેષ નોંધ : અધિકૃત પ્રતિનિધિએ અત્રે મોકલી આપેલ મોબાઈલ નંબર ઉપર સાધારણ સભાની તારીખના બે દિવસ અગાઉ લીંક મોકલવામાં આવશે જેના દ્વારા ઓનલાઈન થઈ શકાશે.

भारतीय रिज़र्व बैंक

RESERVE BANK OF INDIA

www.rbi.org.in

सबैंपवि(अह).आरसीबी.आरएफ.सं. 3472/04.22.001/2017-18 June 07, 2018

मुख्य कार्यपालक अधिकारी
दी साबरकांठा डिस्ट्रिक्ट सेंट्रल कोपरेटिव बैंक ली.
"सहकार विकास भवन", स्टेशन रोड
हिम्मतनगर – 383 001

महोदय

Issue of Banking License under Section 22 of B.R. Act, 1949 (AACS) – Amendment to the License

Please refer to the revised License issued to your bank vide License No. RPCD (AH) 20/2011-12 dated June 25, 2012 indicating specifically, the area of operation of your bank.

2. In this connection, following reorganization of districts by the State Government, the area of operation of your bank has undergone change.

3. Accordingly, **"The area of operation of the bank shall be confined only to the Sabarkantha and Aravalli Districts of Gujarat State."**

4. This letter is being issued to your bank, in amendment to the above-mentioned License No. RPCD(AH) 20/2011-12 dated June 25, 2012 issued, to commence and carry on banking business subject to area of operation as mentioned above.

5. This letter or a certified copy thereof along with our License No. RPCD(AH) 20/2011-12 dated June 25, 2012 or certified copy thereof shall be displayed at the registered office of the bank forthwith.

भवदीय
डी. के. नालबंद
(डी के नालबंद)
उप महाप्रबंधक

सहकारीबैंक पर्यवेक्षणविभाग, लागज्जरचेंबर्स, आश्रमरोड़, पोस्टबैगसं. 1, अहमदाबाद– 380 009
Department of Co-operative Bank Supervision, La Gajjar Chambers, Ashram Road, Post Bag No.1, Ahmedabad - 380 009
टेलीफोन/Telephone:079-26583344, 26583343, फ़ैक्स/Fax: 079 -26585184
ईमेल/e-mail: dcbsahmedabadic@rbi.org.in
हिंदी आसान है, इसकाप्रयोग बढ़ाइये

Caution: RBI never sends mails, SMSs or makes calls asking for personal information like bank account details, Passwords, etc. It never keeps or offers funds to anyone. Please do not respond in any manner to such offers.

રજુ કરે છે આપની ડિપોઝીટ (થાપણ) પર પ્રવર્તમાન આકર્ષક વ્યાજ દર તથા અન્ય આકર્ષક થાપણ યોજનાઓ

અ. નં.	બાંધી મુદત થાપણ મુદત	તા. ૬-૭-૨૦૨૦થી અમલમાં આવતાં વ્યાજના દર	સીનીયર સીટીઝન્સને આપવાના વ્યાજના દર
૧	૧૫ દિવસથી ૪૫ દિવસ સુધી	૩.૭૫%	૪.૫૦%
૨	૪૬ દિવસથી ૯૦ દિવસ સુધી	૪.૫૦%	૫.૦૦%
૩	૯૧ દિવસથી ૧૭૯ દિવસ સુધી	૪.૭૫%	૫.૨૫%
૪	૧૮૦ દિવસથી ૨૭૦ દિવસ સુધી	૫.૦૦%	૫.૫૦%
૫	૨૭૧ દિવસથી ૩૬૬ દિવસ સુધી	૫.૨૫%	૫.૭૫%
૬	૩૬૭ દિવસથી ૭૩૧ દિવસ સુધી	૫.૫૦%	૬.૦૦%
૭	૭૩૨ દિવસથી ૧૦૯૬ દિવસ સુધી	૫.૫૦%	૬.૦૦%
૮	MIS માનધન (મંથલી ઈનકમ સ્કીમ)	૫.૫૦% (પાંચ વર્ષ માટે)	
૯	સુરક્ષા ડિપોઝીટ સ્કીમ (રૂા. ૧૭૭)	૮.૦૦% (પાંચ વર્ષ માટે)	
૧૦	જીવન જ્યોત સુરક્ષા ડિપોઝીટ સ્કીમ (રૂા. ૪,૩૧૭)	૮.૦૦% (પાંચ વર્ષ માટે)	

અમારું આમંત્રણ..... આપની સગવડતા માટે .....

આ બેંકની કોઈપણ શાખામાં આપનું બચત/ચાલુખાતું ખોલાવી ભારતભરમાં કોઈપણ સ્થળના ડ્રાફટની સગવડ મેળવો.

આર.ટી.જી.એસ./એન.ઈ.એફ.ટી./આઈ.એમ.પી.એસ.ની સુવિધા

બેંકની તમામ શાખાઓ સીબીએસ પ્લેટ ફોર્મ પર કાર્યરત છે. બેંકના ગ્રાહકોને વધુ સારી બેંકીંગ સુવિધાઓ ઘર આંગણે મળી રહે તે માટે બેંક દ્વારા ધી ગુજરાત રાજ્ય સહકારી બેંક, અમદાવાદની સબ મેમ્બરશીપ હેઠળ બેંકની તમામ શાખાઓમાં **આર.ટી.જી.એસ./એન.ઈ.એફ.ટી./આઈ.એમ.પી.એસ. ની સુવિધા શરૂ કરવામાં આવેલ છે.** જેના કારણે જેતે શાખા દ્વારા ગ્રાહકોના નાણાં ત્વરીત ટ્રાન્સફર કરવાની સુવિધા શાખા ક્ષેત્રે જ શરૂ થઈ ગયેલ છે. તેમજ દેશના કોઈપણ ખૂણેથી આપણી બેંકની શાખાના ગ્રાહકના એકાઉન્ટમાં રકમ જમા કરવી હોય તો પણ થઈ શકે છે. બેંકનો **IFSC Code GSCB0SKB001** છે.

ATM દ્વારા ભારતભરના કોઈપણ **ATM** માંથી કેશ વિડ્રો થઈ શકે છે.

સોના-ચાંદીના દાગીના તથા પોસ્ટના એન.એસ.સી., કે.વી.પી. સામે ધિરાણ

સોના-ચાંદીના દાગીના સામે તથા પોસ્ટના નેશનલ સેવિંગ્સ સર્ટીફીકેટસ (એન.એસ.સી.), કિસાન વિકાસપત્રો (કે.વી.પી.) સામે આકર્ષક વ્યાજ દરે ધિરાણ મેળવવા આ બેંકની નજીકની શાખાનો સંપર્ક સાધવા વિનંતી.

તદ્ઉપરાંત આપની જરૂરીયાત મુજબની વિવિધ ધિરાણ યોજનાઓ તો ખરીજ.

તો આવો આજે જ સાબરકાંઠા બેંકની નજીકની શાખાની મુલાકાત લઈ બેંક મારફતે અપાતી વિવિધ સેવાઓનો લાભ લઈએ.

"વિના સહકાર નહિ ઉદ્ધાર"

સંચાલક મંડળ : સને ૨૦૧૯-૨૦૨૦ વર્ષ માટે

માર્કેટીંગ અને પ્રોસેસીંગ મંડળીઓના પ્રતિનિધિ		
અ.નં.		
૧.	શ્રી મહેશભાઈ અમીચંદભાઈ પટેલ	ચેરમેન
ખેતી વિષયક સહકારી શરાફી અને વિવિધ કાર્યકારી સહકારી મંડળીઓના પ્રતિનિધિ :		
૨.	શ્રી રાજેન્દ્રસિંહ નહારસિંહ ભાટી	વાઈસ ચેરમેન
ખેતી વિષયક સહકારી શરાફી અને વિવિધ કાર્યકારી સહકારી મંડળીઓના પ્રતિનિધિ :		
૩.	શ્રી પંકજકુમાર નરસિંહભાઈ પટેલ	માનદ્ મેનેજીંગ ડિરેકટર
૪.	શ્રી ઈશ્વરભાઈ જોઈતાભાઈ પટેલ	ડિરેકટર
૫.	શ્રી નરેન્દ્રભાઈ ત્રિભોવનદાસ ઉપાધ્યાય	ડિરેકટર
૬.	શ્રી જશુભાઈ શીવાભાઈ પટેલ (માનનીય ધારાસભ્યશ્રી)	ડિરેકટર
૭.	શ્રી મુકેશભાઈ રેવાભાઈ પટેલ	ડિરેકટર
૮.	શ્રી ધીરજભાઈ પરષોત્તમભાઈ પટેલ	ડિરેકટર
૯.	શ્રી જયોતિન્દ્રભાઈ રણછોડભાઈ પટેલ	ડિરેકટર
૧૦.	શ્રી શામળભાઈ સવજીભાઈ પટેલ	ડિરેકટર
૧૧.	શ્રી પંકજકુમાર રામજીભાઈ પટેલ	ડિરેકટર
૧૨.	શ્રી અરવિંદભાઈ વિશ્રામભાઈ પટેલ	ડિરેકટર
૧૩.	શ્રી કલ્પેશકુમાર ડાહ્યાભાઈ પટેલ	ડિરેકટર
૧૪.	શ્રી જગદીશભાઈ શામજીભાઈ પટેલ	ડિરેકટર
પ્રાથમિક દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓના પ્રતિનિધિ :		
૧૫.	શ્રી જેઠાભાઈ પ્રભુદાસભાઈ પટેલ (ઉત્તર વિભાગ)	ડિરેકટર
૧૬.	શ્રી ગોપાલભાઈ મોહનભાઈ પટેલ (દક્ષિણ વિભાગ)	ડિરેકટર
પ્રાથમિક નાગરિક સહકારી બેંકો અને નાગરિક સહકારી શરાફી મંડળીઓના પ્રતિનિધિ :		
૧૭.	શ્રી ઉમેશકુમાર ચીનુભાઈ અમીન	ડિરેકટર
બીનખેતી વિષયક શરાફી અને ઔદ્યોગિક તેમજ ઈતર મડળીઓના પ્રતિનિધિ :		
૧૮.	શ્રી રાજેન્દ્રસિંહ રણજીતસિંહ ચાવડા (માનનીય ધારાસભ્યશ્રી)	ડિરેકટર
રાજ્ય સહકારી બેંકના પ્રતિનિધિ :		
૧૯.	શ્રી અજયભાઈ હરીભાઈ પટેલ (માન. ચેરમેનશ્રી, ધી ગુજ. સ્ટેટ કો.-ઓપ. બેંક લી., અમદાવાદ)	ડિરેકટર
પ્રોફેશનલ ડિરેકટર		
૨૦.	શ્રી કનુભાઈ મણીભાઈ પટેલ	ડિરેકટર
૨૧.	શ્રી જયંતિભાઈ જીવાભાઈ પટેલ	
રજીસ્ટ્રારશ્રીના પ્રતિનિધિ :		
૨૨.	શ્રી જિલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, હિંમતનગર.	ડિરેકટર

પી. જે. પટેલ (બી.ટેક. એગ્રી. એન્જી., CAIIB જી.ડી.સી.એન્ડ એ.) જનરલ મેનેજર (ફાયનાન્સ)	**જી.પી. પટેલ** (એમ.એસસી., એગ્રી. CAIIB જી.ડી.સી.એન્ડ એ.) જનરલ મેનેજર (લોન્સ)	**એચ. પી. નાયક** (બી. કોમ., એમ.બી.એ., CAIIB જી.ડી.સી.એન્ડ એ. પી.જી.ડી.એફ.એ., Deploma in A.L.M. & KYC) ચીફ એક્ઝીક્યુટીવ	**એચ. એમ. પટેલ** (બી. એસસી., એગ્રી.) એડવાઈઝર ટુ ધી બોર્ડ

ધી સાબરકાંઠા ડિસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટીવ બેંક લિ.

વડી કચેરી : હિંમતનગર

નોંધણી નંબર : ૨૪૯૩૫, તા. ૧૫-૪-૧૯૫૯

રીઝર્વ બેંક ઓફ ઇન્ડીયા લાયસન્સ નંબર : આર.પી.સી.ડી.(અહ.) ૨૦/૨૦૧૧-૧૨ તા. ૨૫-૬-૨૦૧૨

ઓડીટ વર્ગ ''અ''

તા. ૩૧-૩-૨૦૨૦ ના રોજ પુરા થતા વર્ષ આખરે ભરપાઈ થયેલ

અધિકૃત શેર ભંડોળ	રૂા.	૪,૨૫૦.૦૦ લાખ
ભરપાઇ થયેલ શેર ભંડોળ	રૂા.	૩,૨૮૧.૩૬ લાખ
બીજા ભંડોળો	રૂા.	૧૮,૩૯૧.૮૪ લાખ
સર્વ પ્રકારની કુલ થાપણ	રૂા.	૨,૨૯,૨૬૮.૨૪ લાખ

:: ઓડીટર્સ ::

DGSM & Co.
ચાર્ટડ એકાઉન્ટન્ટસ્
અમદાવાદ
(નાબાર્ડ પેનલ પરના અધિકૃત સ્ટેચ્યુટરી ઓડીટર્સ)

:: બેંકર્સ ::

૧. ધી ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ બેંક લિ., અમદાવાદ.
૨. સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા
૩. બેંક ઓફ બરોડા
૪. એચ.ડી.એફ.સી. બેંક
૫. દેના બેંક
૬. આઇ.ડી.બી.આઇ. બેંક
૭. આઇ.સી.આઇ.સી.આઇ. બેંક



૬૨ મી વાર્ષિક સાધારણ સભા

ચેરમેનશ્રીનું નિવેદન

પરમ આદરણીય સભાસદો,

''અદના આદમીની અનંત આસ્થા એટલે આપણી સાબરકાંઠા બેન્ક'' ની ૬૨મી વાર્ષિક સાધારણ સભાના ઉત્સાહ ભર્યા માહોલમાં ડિઝીટલ માધ્યમથી ઉપસ્થિત આપ સર્વેનું સ્વાગત કરતાં હું આનંદ અનુભવું છું.

આપણે સૌ જાણીએ છીએ તેમ વર્ષ ૨૦૨૦ આપણા સૌ માટે અનેકવિધ પડકારો, મુશ્કેલીઓ લઈને આપણી વચ્ચે આવેલ છે. તેમાંય ખાસ કરીને સમગ્ર માનવજાત માટે ગંભીર પડકારરૂપ કોરોના વાઈરસની મહામારીએ સૌને અત્યંત કઠીન પડકારજનક મુશ્કેલીમાં મુકી સ્વયંને તથા આપણા સૌ બાંધવોને બચાવવા માટે સતત જાગૃત રહેવાના સંદેશો લઈ આવેલ છે. વર્ષ દરમિયાન અનેકવિધ કુદરતી પડકારો તેમજ માનવસર્જિત પડકારોની વચ્ચે આપ સૌના સાથ સહકારથી બેન્કે તમામ ક્ષેત્રે સર્વોત્તમ કામગીરી બજાવેલ છે. આ માટે આપ સૌના સાથ સહકારથી અને બેન્કના વ્યવસ્થાપક મંડળના પારદર્શક સંચાલન તેમજ કર્મચારીઓની પ્રમાણિકતા, નિષ્ઠાને હું પ્રણામ કરું છું.

''થાપણોમાં સતત વૃદ્ધિ, ક્વૉલીટી ધિરાણોમાં વધારો અને ધિરાણોની સારી વસુલાતએ કોઈપણ બેંકની ઉત્કૃષ્ટ કામગીરીનું પ્રતિબિંધ છે. તેમજ બેંક સાથે સંલગ્ન તમામ થાપણદારો, ગ્રાહકો, સંસ્થાઓનો અભુતપૂર્વ સમન્વય દર્શાવે છે.'' આ પરિણામોના પરિપેક્ષમાં અહેવાલના વર્ષમાં વિવિધક્ષેત્રે મેળવેલ સિધ્ધિની માહિતી નીચે મુજબ છે.

- બેંકની કુલ્લે થાપણોમાં રૂા. ૧૯૯.૫૨ કરોડનો વધારો થઈ રૂા. ૨૨૯૨.૬૮ કરોડની સર્વોત્તમ સપાટીએ પહોંચેલ છે. તેમાંય બેંકની કુલ્લે થાપણો રૂા. ૨૨૯૨.૬૮ કરોડ પૈકી રૂા. ૧૭૮૪.૪૧ કરોડ વ્યક્તિ થાપણો છે જે કુલ થાપણોના ૭૭.૮૩% થાય છે. જે સમગ્ર ગુજરાત રાજ્યની જિલ્લા બેંકોની કામગીરીમાં આપણી પરિસ્થિતિ ઉત્કૃષ્ટ દર્શાવે છે.
- બેંકના કુલ્લે ધિરાણો રૂા. ૧૨૪૭.૦૯ કરોડની સ્થિતિએ પહોંચેલ છે.
- વર્ષ દરમ્યાન પ્રધાનમંત્રી જીવન જયોત વિમા યોજનામાં ૪૭૪૧૭ બચત ખાતેદારોને રૂા. ૨/- લાખના જીવન વિમાથી સુરક્ષીત કરવામાં આવેલ છે. જે પૈકી વર્ષ દરમ્યાન ૭૮ ક્લેઈમ વિમા કંપનીને મોકલેલ તે તમામ ક્લેઈમ પાસ થઈને આવેલ અને લગત ખાતેદારોના વારસદારોને રૂા. ૨/- લાખ મુજબ કુલરૂા. ૧૫૬ લાખનો ક્લેઈમ ચૂકવાયેલ છે.

- વર્ષ દરમ્યાન પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજનામાં ૭૬૧૦૧ બચત ખાતેદારોને રૂા. ૨/- લાખના અકસ્માત વિમાથી સુરક્ષીત કરવામાં આવેલ છે. જે પૈકી વર્ષ દરમ્યાન ૫ ક્લેઈમ મંજૂર થયેલ છે. જેની રકમ રૂા. ૧૦.૦૦ લાખ તેમના વારસદારોને ચૂકવેલ છે.
- વર્ષ દરમ્યાન અટલ પેન્શન યોજનામાં બેંક દ્વારા અજોડ કામગીરી કરવામાં આવતા સહકારી બેંકીંગમાં બેંક દ્વારા કુલ ૧૪૭૭૩ ખાતા ખોલવામાં આવેલ. આ યોજનાની ઉત્કૃષ્ટ કામગીરીને ભારત સરકાર દ્વારા ચાલુ વર્ષે પણ ત્રણ એવોર્ડથી સન્માનીત કરીને બિરદાવવામાં આવેલ છે.
- એન.પી.એ. ધિરાણોની વસુલાતમાં બેંકનું ગ્રોસ એન.પી.એ. ૩.૩૪% થયેલ છે તથા નેટ એન.પી.એ. ૦% (ઝીરો ટકા) થયેલ છે.
- અસરકારક નાણાંકીય આયોજન થકી બેંકે રૂા. ૧૦.૭૫ કરોડનો ચોખ્ખો નફો મેળવી સુંદર કામગીરી બજાવેલ છે.
- નામદાર ગુજરાત સરકારશ્રીની ગ્રામ્ય ગોડાઉન યોજના અન્વયે આપણી બેંકે વર્ષ દરમ્યાન સેવા સહકારી મંડળીઓના માધ્યમથી ૫ નવીન ગ્રામ્ય ગોડાઉન તૈયાર કરાવવા માટે રૂા. ૫૫.૦૦ લાખની માતબર રકમનું ધિરાણ કરેલ છે. તેમજ વર્ષ દરમ્યાન કુલ્લે ૧૦ ગોડાઉન માટે રૂા. ૬૭.૫૫ લાખની સહાય મંજુર થઈને આવેલ જે લગત મંડળીઓને જમા આપી રાજ્યની વિકાસયાત્રામાં સ્તુત્ય યોગદાન આપવા નમ્ર પ્રયાસ કરેલ છે. વધુમાં વર્ષ દરમ્યાન કેન્દ્ર સરકારશ્રીની **AMI** યોજના હેઠળ મંડળી મારફતે વ્યક્તિગત સભાસદોને ૮ ગોડાઉન માટે રૂા. ૩૦.૧૫ લાખની લોન મંજુર કરેલ છે.
- પર્સનલ એક્સીડેન્ટ વીમાનું જોખમ ગત વર્ષથી રૂા. ૫,૦૦,૦૦૦ કરેલ છે. જે ૧૩/૦૭/૨૦૧૯ થી ૧૨/૦૭/૨૦૨૦ ના સમયગાળા માટે અમલમાં મુકેલ છે. જેમાં મંડળીમાંથી ધિરાણ લેતા સભાસદો, કમિટી સભ્યો અને કર્મચારી તથા બેંકમાંથી સીધા ધિરાણ લેતા નોમિનલ સભાસદો. બેંકના તમામ બોર્ડ ઓફ ડિરેકટર તથા બેંકના તમામ કર્મચારીઓને આવરી લેતી પર્સનલ એક્સીડેન્ટ વીમા પોલીસી ધી ન્યુ ઈન્ડીયા એસ્યોરન્સ કું લી. પાસેથી લેવામાં આવેલ છે.

રીઝર્વ ફંડ અને બીજા ભંડોળો :-

કોઈપણ સંસ્થાની સદ્ધરતાનો આધાર તેના સ્વભંડોળો ઉપર છે. ગતવર્ષની આખરે રીઝર્વ ફંડ અને બીજા ફંડો મળી કુલ્લે ફંડો રૂા. ૧૬,૫૪૫.૧૦ લાખના હતા. વર્ષના અંતે રૂા. ૧૮,૩૯૧.૮૪ લાખના થાય છે.

રીઝર્વ ફંડ અને બીજા ભંડોળોના છેલ્લા ચાર વર્ષના તુલનાત્મક આંકડા નીચે મુજબ છે.

(રૂા. લાખમાં)

ફંડો	૩૧-૩-૨૦૧૭	૩૧-૩-૨૦૧૮	૩૧-૩-૨૦૧૯	૩૧-૩-૨૦૨૦
રીઝર્વ ફંડ	૨૪૮૨-૨૬	૨૭૨૩-૬૯	૨૯૮૯-૯૩	૪૦૪૮-૮૧
બીલ્ડીંગ ફંડ	૫૧૭-૧૭	૬૪૨-૧૭	૬૯૩-૧૭	૭૨૮-૧૭
એગ્રી ક્રેડીટ સ્ટે. ફંડ	૧૬૯૧-૧૭	૧૮૮૪-૫૬	૨૦૮૭-૩૪	૨૩૦૩-૭૧
સ્પે. બેડડેબ્ટ રીઝર્વ	૫૭૬-૦૫	૭૧૮-૭૦	૮૬૪-૯૫	૧૦૧૮-૭૦
શકમંદ અને ડુબત લ્હેણા રીઝર્વ	૩૧૩૩-૮૨	૩૯૦૦-૮૨	૪૮૯૨-૫૨	૫૪૯૫-૯૫
ઈતર ફંડો	૪૫૬૫-૦૪	૫૦૪૪-૩૩	૫૦૧૭-૧૯	૪૭૯૬-૫૦
કુલ્લે	**૧૨૯૬૫-૫૧**	**૧૪૯૧૪-૨૭**	**૧૬૫૪૫-૧૦**	**૧૮૩૯૧-૮૪**

થાપણો :-

બેંકના વધતા જતા કામકાજ સામે બેંકની થાપણોવધે તે ઘણું જ જરૂરી છે. ગત વર્ષ આખરે કુલ્લે થાપણો રૂા. ૨,૦૯,૩૧૬.૮૬ લાખની હતી જ્યારે ૩૧-૦૩-૨૦૨૦ આખરે કુલ્લે થાપણો રૂા. ૨,૨૯,૨૬૮.૨૪ લાખ રહેવા પામેલ છે.

થાપણો, ધિરાણ અને વસુલાત એ બેંકની કામગીરીની પારાશીશી છે. છેલ્લા પાંચ દાયકાથી પણ વધુ સમયથી અવિરત કાર્યરત આપણી બેંક જિલ્લાની પ્રજામાં, સમગ્ર ખેડૂત આલમમાં, સહકારી સંસ્થાઓના હૈયામાં સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક અને તેના કર્મચારીગણે એક આગવું સ્થાન ઉભું કર્યુ છે. આજની તારીખે ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકની થાપણો હાલમાં સહકારી બેંકીંગ ક્ષેત્રે પ્રર્વતતી પ્રવાહી પરિસ્થિતિમાં પણ સતત વધતી રહી છે. જે ખૂબ જ આનંદની વાત ગણી શકાય.

બેંકની થાપણોના છેલ્લા ચાર વર્ષના તુલનાત્મક આંકડા નીચે પ્રમાણે છે.

થાપણનો પ્રકાર	૩૧-૩-૨૦૧૭				૩૧-૩-૨૦૧૮ (રૂા. લાખમાં)			
	મંડળી		વ્યક્તિ		મંડળી		વ્યક્તિ	
	ખાતાની સંખ્યા	રૂા.	ખાતાની સંખ્યા	રૂા.	ખાતાની સંખ્યા	રૂા.	ખાતાની સંખ્યા	રૂા.
ચાલુ	૪૬૪૪	૧૦૮૫૭.૫૪	૬૩૦૯	૨૪૩૬.૧૬	૪૭૪૪	૧૩૫૩૯.૮૭	૬૮૧૯	૩૦૪૦.૪૨
કોલ	----	-----	----	-----	----	-----	----	-----
બચત	૪૮૭૧	૩૪૨૧.૮૨	૬૨૭૪૬૫	૬૪૭૯૮.૩૭	૫૧૧૫	૩૪૪૫.૭૬	૬૫૭૪૮૧	૭૩૭૮૫.૯૦
બાંધી મુદત	૧૮૩૮૧	૨૭૫૪૮.૧૦	૧૯૧૨૭૮	૬૧૦૭૩.૩૬	૨૫૯૨૩	૨૭૩૩૭.૨૯	૨૦૧૬૨૮	૬૭૧૮૯.૮૬
મુદતીય માસીક બચત	----	-----	૯૬૯૯	૨૨૬૩.૦૯	----	-----	૯૬૯૯	૨૪૭૫.૪૮
કુલ...	૨૭૮૯૬	૪૧૮૨૭.૪૬	૮૩૪૭૫૧	૧૩૦૫૭૦.૯૮	૩૫૭૮૨	૪૪૩૨૨.૯૨	૮૭૫૬૨૭	૧૪૬૪૯૧.૬૬
વર્ષ આખરે કુલ્લે				૧૭૨૩૯૮.૪૪				૧૯૦૮૧૪.૫૮

થાપણનો પ્રકાર	૩૧-૩-૨૦૧૯				૩૧-૩-૨૦૨૦			
	મંડળી		વ્યક્તિ		મંડળી		વ્યક્તિ	
	ખાતાની સંખ્યા	રૂા.	ખાતાની સંખ્યા	રૂા.	ખાતાની સંખ્યા	રૂા.	ખાતાની સંખ્યા	રૂા.
ચાલુ	૪૮૪૮	૧૩૭૬૦.૬૯	૭૧૮૪	૨૫૧૧.૯૭	૪૯૭૬	૧૩૫૫૮.૧૯	૭૮૫૨	૩૩૪૦.૩૧
કોલ	----	-----	----	-----	----	-----	----	-----
બચત	૫૯૧૨	૪૩૮૮.૨૭	૬૮૪૬૬૨	૮૨૯૦૦.૨૩	૫૯૩૯	૪૮૯૬.૧૯	૭૧૦૧૦૫	૯૦૩૩૭.૩૯
બાંધી મુદત	૩૦૧૦૭	૩૦૨૭૨.૧૮	૨૧૬૮૫૯	૭૩૧૭૮.૬૦	૩૦૧૦૪	૩૧૧૯૬.૪૦	૨૩૮૩૭૮	૮૫૮૮૩.૦૯
મુદતીય માસીક બચત	----	-----	----	૨૩૦૪.૯૨	----	-----	૧૨૦૦૭	૧૦૫૬.૬૭
કુલ...	૪૦૮૬૭	૪૮૪૨૧.૧૪	૯૦૮૭૦૫	૧૬૦૮૯૫.૭૨	૪૧૦૧૯	૪૮૬૫૦.૭૮	૯૬૮૩૪૨	૧૮૦૬૧૭.૪૬
વર્ષ આખરે કુલ્લે				૨૦૯૩૧૬.૮૬				૨૨૯૨૬૮.૨૪

અત્રે ખાસ ઉલ્લેખ કરવાનો કે આ બેંકમાંથી પ્રત્યેક થાપણદારની રૂા. ૫,૦૦,૦૦૦/- સુધીની થાપણો વિમાથી રક્ષિત છે.

નેશનલ બેંક ફોર એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ તથા ગુજરાત રાજ્ય સરકારી બેંકમાંથી મેળવેલ કર્જ.

પુનઃ ધિરાણ :-

ત્રિસ્તરીય માળખા દ્વારા પુરા પાડવામાં આવતા લાંબા ગાળાના ધિરાણોના કેન્દ્રમાં આ બેંક મહત્વનો ભાગ ભજવે છે. ખેતીવાડી, બાગાયત, પશુપાલન, જમીન સુધારણા, યાંત્રીકરણ, લઘુ સિંચાઈ યોજનાઓ, કૃષિ પેદાશોના સંગ્રહ જેવી પ્રવૃત્તિઓ S.G.S.Y. તેમજ તેવા પ્રકારની અન્ય ખેતી અને ગ્રામ વિકાસની સહાયક યોજનાઓ હેઠળ નાબાર્ડમાંથી પુનઃ ધિરાણ મેળવી આ પ્રકારની પ્રવૃત્તિઓમાં લાંબાગાળાનું ધિરાણ મંડળીઓ મારફતે ખેડૂતોને પુરૂ પાડવાની મહત્વની પ્રવૃત્તિ આ બેંક દ્વારા હાથ ધરવામાં આવેલ છે.

સને ૨૦૧૯-૨૦૨૦ ના વર્ષમાં નાબાર્ડ દ્વારા રૂા. ૧૭૧.૦૦ કરોડ લોન મંજુર થયેલ છે. બેંક દ્વારા રૂા. ૧૭૧.૦૦ કરોડ લોનનો ઉપાડ કરેલ હતો અને વ્યાજ સહીત ભરપાઈ કરેલ છે. મધ્યમ મુદત લોનમાં પણ રૂા. ૨,૦૦૦.૦૦ લાખનું રીફાયનાન્સ મેળવેલ છે. બેંક દ્વારા તા. ૩૧-૦૭-૨૦૧૯ ના રોજ રૂા. ૨,૨૦૩.૧૭ લાખ અને તા. ૩૧-૦૧-૨૦૨૦ ના રોજ રૂા. ૨,૦૦૧.૭૬ લાખ મળી કુલ્લે રૂા. ૪,૨૦૪.૯૩ લાખ ભરપાઈ કરેલ છે. વર્ષ આખરે મ.મુદત ધિરાણ રૂા. ૯,૭૨૮.૭૨ લાખ બાકી રહેવા પામેલ છે.

બેંક દ્વારા નાબાર્ડમાંથી સીધા શોર્ટ ટર્મ મલ્ટી પરપઝ કેશક્રેડીટ લોનમાં રૂા. ૧૦૦.૦૦ કરોડ મંજૂર કરેલ છે. પણ જરૂરીયાત ન હોઈ ઉપાડ કરેલ નથી.

ગૌણ રાજ્ય ભાગીદારી નિધિ :

નામદાર સરકારશ્રીના શેરફાળા પેટે કુલ્લે ૧૦૦ મંડળીઓ પાસે ગત વર્ષની આખરે રૂા. ૩૯,૯૧,૪૯૦.૦૦ની રકમ બાકી હતી. અહેવાલના વર્ષ દરમ્યાન મંડળીઓ પાસેથી રૂા. ૪૭,૦૦૦.૦૦ શેર ફાળાના હપ્તા પેટે રકમ પરત મળેલ છે. ૨ મંડળીઓનો શેરફાળો ચુક્તે થયેલ છે. જેથી વર્ષ આખરે ૯૮ મંડળીઓ પાસે રૂા. ૩૯,૪૪,૪૯૦.૦૦ નામદાર સરકારશ્રીના શેરફાળાની રકમ બાકી રહે છે.

મકાનો અને લોકર્સની વ્યવસ્થા :-

બેંકની ૩૦ શાખાઓના સ્થળે પોતાની માલિકીના મકાનો છે. બેંકની ૪૬ શાખાઓમાં લોકર્સની વ્યવસ્થા કરેલ છે. લોકર્સની વ્યવસ્થાવાળી શાખાઓ (૧) હિંમતનગર (૨) ખેડબ્રહ્મા (૩) ઈડર (૪) બાયડ (૫) સાઠંબા (૬) ચોરીવાડ (૭) જાદર (૮) કડીયાદરા (૯) વિજયનગર (૧૦) મોડાસા (૧૧) વડાલી (૧૨) ધનસુરા (૧૩) માલપુર (૧૪) પ્રાંતિજ (૧૫) ભિલોડા (૧૬) રાયગઢ (૧૭) સલાલ (૧૮) બડોલી (૧૯) મોયદ (૨૦) લક્ષ્મીપુરા (૨૧) તલોદ (૨૨) મેઘરજ (૨૩) નવા રેવાસ (૨૪) નેત્રામલી (૨૫) ગાંઠીયોલ (૨૬) ફીંચોડ (૨૭) ગોરલ (૨૮) સોસાયટીનગર (૨૯) ડેમાઈ (૩૦) મુનાઈ (૩૧) મુડેટી (૩૨) ચિત્રોડા (૩૩) આકરૂન્દ (૩૪) શામળાજી (૩૫) ગાબટ (૩૬) તાજપુર (ઓ) (૩૭) ભૂતિયા (૩૮) ખેડ (૩૯) વડાગામ (૪૦) નિકોડા (૪૧) જામળા (૪૨) કાનપુર (૪૩) ઘડકણ (૪૪) ગાંભોઈ (૪૫) વીરપુર (૪૬) વસાઈ.

કોર બેંકિંગ સોલ્યુશન :-

બેંકના ગ્રાહકોને આધુનીક બેંકિંગ સુવિધાઓનો લાભ મળે તથા ભારત સરકારની ડાયરેકટ કેશ ટ્રાન્સફર સબસીડી યોજનાનો લાભ જિલ્લાના ગ્રાહકોને આપણી બેંક મારફત મળી રહે તે નજર સમક્ષ રાખી બેંક દ્વારા નાબાર્ડ દ્વારા નક્કી થયેલ ટી.સી.એસ. કંપની સાથે એગ્રીમેન્ટ કરી કોર બેંકિંગની સુવિધા શરૂ કરેલ છે. બેંકની તમામ શાખાઓ કોર બેંકિંગ સોલ્યુશન હેઠળ કામ કરે છે.

બેંકના ગ્રાહકોને ''એની બ્રાન્ચ'' બેંકિંગની સુવિધા પણ શરૂ કરવામાં આવેલ છે. જેના કારણે આપણી બેંકની કોઈપણ શાખાનો ચેક કોઈપણ શાખામાં વિના કમીશને ટ્રાન્સફર કરી આપવામાં આવે છે. આ સિવાય નોનહોમ બ્રાન્ચમાં રૂા. ૧,૦૦,૦૦૦.૦૦ સુધી કેશ જમા તેમજ રૂા. ૫૦,૦૦૦.૦૦ સુધી કેશ ઉપાડ પણ નિયમોને આધિન રહીને કરવાની સગવડ શરૂ કરવામાં આવેલ છે. ગ્રાહકોને પોતાના ખાતામાં થયેલ લેવડ-દેવડની બેલેન્સ સાથે માહિતી મળી રહે તે માટે "SMS Alert" ની સુવિધા શરૂ કરવામાં આવેલ છે તેમજ ૮૧૩૦૬૯૫૦૫૦ મોબાઈલ નંબર ઉપર મીસ્કોલ કરવાથી ગ્રાહકના ખાતાના બેલેન્સની માહિતી SMS દ્વારા જાણી શકાય છે. જે ગ્રાહકોએ પોતાના મોબાઈલ નંબર શાખામાં ન આપેલ હોય તેમણે અરજી સાથે તાત્કાલીક લગત શાખામાં મોબાઈલ નંબર આપી દેવા જેથી આ સુવિધાનો લાભ મળતો થાય. બેંક દ્વારા આધારબેઝ LPG સબસીડીનું ગ્રાહકોને પેમેન્ટ બેંક ભારત સરકારના PFMS પોર્ટલ ઉપર લાઈવ હોઈ સરકારશ્રીના તમામ સહાયો લાભાર્થીના ખાતામાં સીધી જમા થાય છે. નેટ બેંકિંગ વ્યુ, ECS ઈલેક્ટ્રોનીક કલીયરીંગ સીસ્ટમ, IMPS ઈમીડીયેટ પેમેન્ટ સીસ્ટમ Mobile Banking જેવી સુવિધાઓ ગ્રાહકો માટે શરૂ કરવામાં આવેલ છે.

(૧) "ડીજીટલ ઈન્ડીયા" : ના નવિન અભિગમમાં બેંકનું યોગદાન

ATM/Micro ATM/ATM VAN સેવા :-

વર્ષ ૨૦૧૫-૧૬ દરમિયાન બેંકના ગ્રાહકોને આધુનીક બેંકિંગ સુવિધાઓ આપવાના ભાગ રૂપે ATM સુવિધાનો પ્રારંભ કરવામાં આવેલ છે. હાલમાં બેંકની ૩૫ શાખાઓ હિંમતનગર, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા, ભિલોડા, વિજયનગર, મોડાસા, પ્રાંતિજ, તલોદ, બાયડ, માલપુર, ધનસુરા, મેઘરજ, સાઠંબા, ડેમાઈ, ગાબટ, આકરૂન્દ, સલાલ, વડાગામ, રાયગઢ, ગાંભોઈ, ખેડ, ચિત્રોડા, લક્ષ્મીપુરા, ચોરીવાડ, કડીયાદરા, ગોરલ, નવા રેવાસ, બડોલી, ફીંચોડ, જાદર, સોસાયટીનગર, આંતરસુબા (આશ્રમ), મુનાઈ, સાબરડેરીમાં ATM કાર્યરત છે. જેના દ્વારા ગ્રાહકોને વધુ સારી સેવાઓ બેંક દ્વારા આપવામાં આવી રહેલ છે. તદ્ ઉપરાંત બેંક દ્વારા બે ATM VAN પણ કાર્યરત કરવામાં આવેલ છે. જે ગ્રામ્ય વિસ્તારોમાં કેશની સગવડ પુરી પાડે છે.

ગ્રાહકોને પોતાના ગામમાંજ તમામ બેંકિંગ સુવિધાઓ મળી રહે તેના પ્રયાસ રૂપે બેંક દ્વારા Micro ATM સુવિધાનો પ્રારંભ કરવામાં આવેલ છે. જે માટે સાબરકાંઠા/અરવલ્લી જિલ્લાની સેવા/દૂધ મંડળીઓને BC (બેંકિંગ કોરસપોન્ડન્ટ) બનાવવામાં આવેલ છે. જેના દ્વારા ગ્રામ્ય પ્રજાને ઘેર બેઠા બેંકિંગ સુવિધાઓ ઉપલબ્ધ થયેલ છે. જેના દ્વારા ગ્રાહકો કેશ જમા/ઉપાડ તેમજ ટ્રાન્સફર તેમજ બેલેન્સ ઈન્કવાયરી પણ કરી શકે છે. નાબાર્ડ દ્વારા આવા ૩૧૫ Micro ATM બેંકને મંજુર કરવામાં આવેલ છે. જેનો બહોળો લાભ લેવા બેંકના ગ્રાહકો તથા મંડળીઓને અનુરોધ છે.

RUPAY PLATINUM CARD INSURANCE SCHEME :

બેંક દ્વારા જે Rupay platinum card આપવામાં આવેલ છે. તેના દ્વારા જો ૪૫ દિવસમાં E - Commerce Transection કરેલ હોય તો જ રૂા. ૨,૦૦,૦૦૦/- ના અકસ્માત વિમાનો લાભ NPCI દ્વારા તદ્દન ફ્રી આપવામાં આવે છે. (કેશ ટ્રાન્ઝેકશન પર લાભ મળવાપાત્ર નથી.)

એન્યુઅલ ક્રેડીટ પ્લાન :

રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયાની માર્ગદર્શક સુચનાઓ મુજબ સર્વિસ એરીયા એપ્રોચ અંતર્ગત સને ૨૦૧૯-૨૦૨૦ ના વર્ષ માટે સાબરકાંઠા જિલ્લાનો રૂા. ૪,૬૫૩.૩૭ લાખના ક્રેડીટ પ્લાન સામે આપણી બેંકનો લક્ષ્યાંક રૂા. ૯૦૦.૭૦ લાખનો હતો તથા અરવલ્લી જિલ્લાના રૂા. ૨,૨૫૪.૩૧ લાખના ક્રેડીટ પ્લાન સામે આપણી બેંકનો લક્ષ્યાંક રૂા. ૫૯૧.૨૩ લાખનો હતો. જે સામે બેંકે સાબરકાંઠા જિલ્લામાં અને અરવલ્લી જિલ્લામાં સારી સિદ્ધિ મેળવેલ છે.

ધિરાણ :-

બેંક દ્વારા સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના ખેડૂતોને સેવા સહકારી મંડળી મારફતે કે.સી.સી. ઉપરાંત ખેતી, ખેતી આનુસાંગીક પ્રવૃત્તિઓ તેમજ બીન ખેતી હેતુઓ માટે ધિરાણ આપવામાં આવે છે. આ ઉપરાંત ખેડૂતો સીવાયના

અન્ય વ્યક્તિઓ નોકરીયાતો, ધંધાદારી વ્યક્તિઓ, વેપારીઓ વિગેરે બેંકના નોમીનલ સભાસદ બનાવી તેઓની જરૂરીયાત પ્રમાણેની લોન તથા કેશ ક્રેડીટ આપવામાં આવે છે. વધુમાં સહકારી સંસ્થાઓને પણ તેઓની જરૂરીયાત મુજબ કેશક્રેડીટ તથા હેતુલક્ષી ધિરાણ બેંક દ્વારા પુરુ પાડવામાં આવે છે. બેંકની વિવિધ ધિરાણ યોજનાઓની ટુંકમાં માહિતી નીચે મુજબ છે.

(૧) કે.સી.સી. ધિરાણ :

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની ધિરાણ મેળવતી કુલ ૫૮૦ સેવા સહકારી મંડળીઓના લગભગ ૮૪૪૦૬ ખેડૂતોને પાકના વાવેતરથી લણણી સુધીના ખર્ચ માટે બેંક દ્વારા પાક ધિરાણ મંજુર કરવામાં આવેલ છે. જેમાં ૩ લાખ સુધીનું ધિરાણ મંડળીઓને ૫.૫% તથા ખેડૂતોને ૭% ના નજીવા વ્યાજ દરે પુરુ પાડવામાં આવે છે. તેમાં પણ નિયમિત વસુલાત આપનાર ખેડૂતોને ૩% કેન્દ્ર સરકાર તથા ૪% રાજ્ય સરકારશ્રી તરફથી વ્યાજ રાહત મળે છે.

વધુમાં જિલ્લાના પશુપાલકો/માછીમારો/મરઘા પાલકોને પણ કે.સી.સી. ધિરાણ મળી રહે તે માટે બેંકે યોજના બનાવેલ છે. જેમાં મહત્તમ રૂા. ૩૦,૦૦૦/- નું ધિરાણ મળવાપાત્ર છે. સદર યોજના હેઠળ અરજદારને ૭%એ જ્યારે મંડળીને ૬% એ લોન મળવાપાત્ર છે.

કે.સી.સી. ડી. એમ. આર. પદ્ધતિ :

બેંકે શરૂઆતથી જ નાબાર્ડની ગાઈડલાઈન મુજબ પાક ધિરાણ માટે કે.સી.સી. પદ્ધતિ અપનાવેલ છે. તેમાં ૦૧-૦૪-૨૦૧૭ થી ડી.એમ.આર. પદ્ધતિથી કે.સી.સી. ધિરાણ આપવાનું શરૂ કરેલ છે. કે.સી.સી. ડી.એમ.આર. પદ્ધતિમાં ખેડૂતનું કે.સી.સી. ખાતુ બેંકમાં ખોલવામાં આવે છે જેથી ખેડૂત તેની મંજુર થયેલ કે.સી.સી. શાખમાંથી બેંકમાંથી સીધો વ્યવહાર કરી શકે છે. વધુમાં ખેડૂત તેની પસંદગીના બિયારણ, ખાતર, જંતુનાશક દવાઓ વિગેરે ખરીદી શકે અને તેનું ચુકવણું રોકડ વિના પણ કરી શકે તે માટે બેંક દ્વારા કે.સી.સી. ધિરાણ મેળવતા ખેડૂતોને Rupay KCC Card આપવામાં આવેલ છે.

કન્ઝમ્પશન ધિરાણ :

ખેડૂતોએ તેઓની પાક સીઝન દરમ્યાન અન્ય વપરાશ માટેની જરૂરીયાતને પહોંચી વળવા બેંક દ્વારા કન્ઝમ્પશન ધિરાણ પુરુ પાડવામાં આવે છે. વર્ષ દરમ્યાન બેંક દ્વારા ૪૭૩૭.૦૮ લાખ કન્ઝમ્પશન ધિરાણ મંજુર કરવામાં આવેલ છે.

(૨) સ્વરોજગાર ક્રેડીટ કાર્ડ હેઠળ કારીગર ધિરાણ :

ખેતી વિષયક મંડળીઓના ગ્રામ્ય કારીગરો જેવા કે સુથાર, લુહાર, માટીકામના કારીગરો, ચણતરના કારીગરો, મોચી, દરજી, સોની વિગેરેને તેઓના ધંધા માટે સાધનો તથા કાચા માલની જરૂરીયાત માટેની મુડી મંડળી મારફતે

મળી રહે અને તેઓ સ્વરોજગારી મેળવી શકે તે હેતુથી બેંક દ્વારા આવા ગ્રામ્ય કારીગરોને રૂા. ૭૫,૦૦૦/- સુધીનું ધિરાણ એક વર્ષની મુદત માટે આપવામાં આવે છે. સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના આવા ૩૬૮૨ ગ્રામ્ય કારીગરોને સ્વરોજગારી ક્રેડીટ કાર્ડ યોજના હેઠળ રૂા. ૨૩૫૧.૨૫ લાખનું કારીગર ધિરાણ આપવામાં આવેલ છે.

(૩) મધ્યમ મુદત ધિરાણો :-

નાબાર્ડ તરફથી ખેતી વિષયક મ.મુ. ધિરાણો માટે નક્કી થયેલ યુનિટ કોસ્ટ મુજબ, ઉપરાંત વધુ જરૂરીયાત માટે પ્લાન એસ્ટીમેન્ટ આધારે સભાસદના નાણાં પરત કરવાની શક્તિ, મંડળીની આર્થિક સ્થિતિ તથા તેનો વહીવટ વિ. ને ધ્યાનમાં લઈ જે તે ખેતી મંડળીના સભાસદોને ખેતી વિષયક મધ્યમ મુદત તથા પ્રોજેકટ લેન્ડીંગ હેઠળ મંડળી મારફતે નીચે પ્રમાણેના હેતુઓ માટે ધિરાણ કરવામાં આવે છે.

(૧) નાની સિંચાઈના હેતુઓ માટે :-

આ ધિરાણ નાબાર્ડ તરફથી નક્કી થતી વખતો વખતની યુનિટ કોસ્ટ મુજબ કરવામાં આવે છે. છતાં કોઈ સંજોગો આધિન આ કામો પાછળ યુનિટ કોસ્ટ કરતાં વધુ ખર્ચ થાય તેમ હોય તો તે અંગેનો પ્રોજેકટ રીપોર્ટ ખેડૂત સભાસદ તરફથી રજુ થયેથી તેની તાંત્રિક અને આર્થિક ક્ષમતા ધ્યાનમાં લઈ પ્રોજેકટના કુલ ખર્ચના ૮૫ ટકા સુધી ધિરાણ મંજુર કરવામાં આવે છે.

૧) **નવીન કુવા માટે :-** રૂા. ૧,૪૫,૦૦૦/- (૨.૫ × ૨૦ મીટર, રૂા. ૧,૮૫,૦૦૦/- (૪ × ૧૫ મીટર) તથા રૂા. ૨,૩૨,૦૦૦/- (૪ × ૨૦ મીટર) માટે વધારાના પ્રત્યેક મીટરે રૂા. ૭,૫૦૦/- ૫ મીટરની ઉંડાઈ સુધી. રીપેમેન્ટ પીરીયડ ૯ વર્ષ.

૨) **જુનો કુવો ઉંડો કરવા/રીપેર કરવા/કુવામાં ઉભા બોર કરવા વિ. માટે :-**

વધુમાં વધુ રૂા. ૩૭,૫૦૦/- સુધી (રીપેમેન્ટ પીરીયડ ૫ વર્ષ) વધુ ખર્ચ થાય તો પ્લાન એસ્ટીમેન્ટ રજુ કરવાના રહેશે.

૩) **જમીન ઉપરથી બોર કરવા માટે :-** (શેલોટયુબવેલ)

અ)	૧૬૨ એમ.એમ. પહોળાઈ × ૭૫ મીટર ઊંડાઈ	રૂા. ૭૫,૦૦૦/-
બ)	૧૬૨ એમ.એમ. પહોળાઈ × ૧૫૦ મીટર ઊંડાઈ	રૂા. ૧,૦૫,૦૦૦/-
ક)	૧૬૨ એમ.એમ. પહોળાઈ × ૧૫૦ મીટર ઊંડાઈ (એલ્યુવીયલ જમીન માટે)	રૂા. ૧,૪૫,૫૦૦/-

અનુક્રમ નંબર અ,બ,ક માટે યુનીટ કોસ્ટ કરતાં વધુ ધિરાણ માટે એન્જીનીયરના પ્લાન/એસ્ટીમેન્ટ રજુ કરવાના રહેશે.

(૪) સ્પ્રીન્કલર પદ્ધતિથી પિયત કરવા માટે (રીપેમેન્ટ પીરીયડ ૫ વર્ષ) :-

- એસ્ટીમેટના ૮૫% સુધી લોન મળવાપાત્ર છે.

(૫) ડ્રીપ ઈરીગેશન માટે (રીપેમેન્ટ પીરીયડ ૫ વર્ષ) :-

પાકનો પ્રકાર તથા તેનું હેક્ટરમાં વાવેતર મુજબ રીપેમેન્ટ પીરીયડ ૫ વર્ષ
ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કાં., વડોદરા દ્વારા માન્યતા પ્રાપ્ત કંપનીનું જ મટીરીયલ્સ વાપરી શકાશે તથા કુલ ખર્ચના ૧૦૦% મુજબ લોન મંજુર કરવામાં આવે છે. પ્રવર્તમાન ધોરણોનુસાર પ્રતિ હેકટરે ૫૦% અથવા રૂા. ૬૦,૦૦૦/- બે પૈકી જે ઓછું હોય તે સહાય સરકારશ્રી તરફથી મળે છે.

(૬) ઓઈલ એન્જીન/ડીઝલ પંપ સેટ માટે :- રીપેમેન્ટ પીરીયડ ૯ વર્ષ

(અ)	૫ હો. પાવર માટે	રૂા. ૧૬,૦૦૦/-
(બ)	૭.૫ હો. પાવર માટે	રૂા. ૧૮,૦૦૦/-
(ક)	૧૦ હો. પાવર માટે	રૂા. ૧૮,૫૦૦/-

(૭) ઈલેક્ટ્રીક મોટર પંપ સેટ માટે (મોનોબ્લોક) :- રીપેમેન્ટ પીરીયડ ૯ વર્ષ

(અ)	૫ હો. પાવર માટે	રૂા. ૧૩,૦૦૦/-
(બ)	૭.૫ હો. પાવર માટે	રૂા. ૧૭,૨૦૦/-

(૮) સબમર્સીબલ પંપ સેટ માટે :- રીપેમેન્ટ પીરીયડ ૯ વર્ષ

(અ)	૫ હો. પાવર માટે	રૂા. ૨૯,૮૦૦/-
(બ)	૭.૫ હો. પાવર માટે	રૂા. ૩૭,૩૦૦/-
(ક)	૧૦ હો. પાવર માટે	રૂા. ૪૪,૭૦૦/-

(૯) પંપ હાઉસ (ઓરડી) માટે :-

વધુમાં વધુ રૂા. ૫૦,૦૦૦/- સુધી રીપેમેન્ટ પીરીયડ ૫ વર્ષ
(૨.૫ મી. × ૨.૫ મી. × ૨.૫ મી.)

(૧૦) પાઈપ લાઈન (સીમેન્ટની) માટે :- રીપેમેન્ટ પીરીયડ ૫ વર્ષ

૧૫૦ મીટર લંબાઈ માટે	રૂા. ૧૨,૧૫૦/-
૨૦૦ મીટર લંબાઈ માટે	રૂા. ૧૫,૮૦૦/-
૫૦૦ મીટર લંબાઈ માટે	રૂા. ૪૦,૮૦૦/-

(૧૧) પાઈપ લાઈન (પીવીસીની) માટે :- રીપેમેન્ટ પીરીયડ ૫ વર્ષ

૧૫૦ મીટર લંબાઈ માટે	રૂા. ૧૪,૨૫૦/-
૨૦૦ મીટર લંબાઈ માટે	રૂા. ૧૯,૦૦૦/-

(૧૨) **વોટર સ્ટોરેજ (ખેત તલાવડી) માટે :-**

કામના ખર્ચના પ્રમાણમાં પ્રોજેકટ રીપોર્ટના ૯૦% મુજબ, જમીન મર્યાદા ઓછામાં ઓછી ૫ એકર. - રીપેમેન્ટ પીરીયડ ૫ વર્ષ.

(૧૩) **વોટર સ્ટોરેજ ટેંક (પાણી સંગ્રહ કરવાની ટાંકી) માટે :-**

કામના ખર્ચના પ્રમાણમાં પ્રોજેકટ રીપોર્ટના ૮૫% મુજબ, જમીન મર્યાદા ઓછામાં ઓછી ૫ એકર. - રીપેમેન્ટ પીરીયડ ૫ વર્ષ.

(૨) ડેરી ડેવલપમેન્ટ માટે :- રીપેમેન્ટ પીરીયડ ૫ વર્ષ.

(૧) **ભેંસ માટે :-**

(અ)	મહેસાણી - ૨ યુનિટ માટે	રૂા. ૧,૨૦,૦૦૦/-
(બ)	જાફરાબાદી - ૨ યુનિટ માટે	રૂા. ૧,૪૦,૦૦૦/-

(૨) **ગાય માટે :-**

(અ)	ગીરગાય - ૨ યુનિટ માટે	રૂા. ૧,૨૦,૦૦૦/-
(બ)	જર્શી ગાય - ૨ યુનિટ માટે	રૂા. ૯૧,૦૦૦/-
(ક)	એચ.એફ. ગાય - ૨ યુનિટ માટે	રૂા ૧,૨૦,૦૦૦/-

(૩) **કેટલ શેડ માટે :-**

(૧) ફક્ત એક કેટલ શેડ માટે વધુમાં વધુ રૂા. ૩,૦૦,૦૦૦/-, રીપેમેન્ટ પીરીયડ ૫ વર્ષ

(૨) કોમર્શીયલ ડેરી યુનીટ માટે :- (કેટલ શેડ તથા ૫ ઢોર માટે) પ્લાન એસ્ટીમેન્ટના ૮૫% મુજબ. - રીપેમેન્ટ પીરીયડ ૫ વર્ષ.

:: વધુ ખર્ચ થાય એમ હોય તો એન્જીનીયરના પ્લાન એસ્ટીમેન્ટ રજુ કરવાના રહેશે.

(૩) બળદ/બળદગાડા માટે :- રીપેમેન્ટ પીરીયડ ૫ વર્ષ

(૧) **બળદ (જોડ માટે) :-** કાંકરેજ ઓલાદ માટે રૂા. ૫૦,૦૦૦/-

(૨) **બળદ ગાડા માટે :-**

૧)	બાવળનું	રૂા.	૭,૪૦૦/-
૨)	લોખંડનું ટાયરવાળુ	રૂા.	૧૯,૨૦૦/-
૩)	સાગનું	રૂા.	૧૬,૦૦૦/-
૪)	સ્ટીલ બોડીવાળુ	રૂા.	૩૨,૦૦૦/-

(૪) (૧) ટામેટાના માંડવા માટે :-

એક એકરે રૂા. ૨૪,૦૦૦/- અને વધુમાં વધુ ૨ એકર માટે રૂા. ૪૮,૦૦૦/- રીપેમેન્ટ પીરીયડ ૫ વર્ષ.

(૨) **વાલોરના માંડવા માટે :-**

વાલોરના એક માંડવા માટે (૦॥ એકરના) રૂા. ૧૦,૦૦૦/- અને વધુમાં વધુ ૨ માંડવા માટે રૂા. ૨૦,૦૦૦/- સુધી - રીપેમેન્ટ પીરીયડ ૫ વર્ષ.

(૫) (૧) જમીન સુધારણા માટે :-

વધુમાં વધુ રૂા. ૧૭,૦૦૦/- હેકટરે. - રીપેમેન્ટ પીરીયડ ૫ થી ૭ વર્ષ

(૨) **તારની વાડ માટે :-** રીપેમેન્ટ પીરીયડ ૫ વર્ષ
રેગ્યુલર મોડલ રૂા. ૨૬૫/મીટર
પ્રોટકશન (નીલગાય, જંગલી જાનવર માટે) મોડલ રૂા. ૪૨૫/મીટર

(૬) ટ્રેકટર/ટ્રેઈલર/થ્રેસર તથા તેના આનુસાંગિક સાધનો માટે :- (સંયુક્ત રીતે અલગ અલગ રીતે)

(૧) મંડળી મારફતે ટ્રેક્ટર વિ. માટે :- જમીન મર્યાદા ઓછામાં ઓછી ૫ એકર પિયત જમીન હોવી જોઈએ. કવોટેશનના ૮૫% ટકા મુજબ રીપેમેન્ટ પીરીયડ ૯ વર્ષ. ટ્રેલર, થ્રેસર અન્ય ઓજારો માટે રીપેમેન્ટ પીરીયડ ૫ વર્ષ.

(૭) જે.સી.બી. (હાઈડ્રોલીક એસ્કેવેટર માટે) :- (મંડળી મારફતે)

મોટી જમીન વાળા એટલે કે ૨૦ એકરથી વધુ પિયત જમીનવાળા ખેડૂતને ખાસ કેસ તરીકે મંડળી મારફતે ધિરાણ આપવા વિચારણા કરવામાં આવે છે. રીપેમેન્ટ પીરીયડ ૯ વર્ષ કવોટેશનના ૮૦% મુજબ.

(૮) સુવર્ણ જયંતિ ગ્રામ સ્વરોજગાર યોજના :- (એસ.જી.એસ.વાય. યોજના)

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના લાભાર્થીઓને મધ્યમ મુદત ધોરણે જુદા જુદા હેતુઓ માટે લગત સેવા સહકારી મંડળી મારફતે વ્યક્તિગત ધોરણે સરકારશ્રી તરફથી ફાળવેલ લક્ષાંકની મર્યાદામાં ધિરાણ કરવામાં આવે છે. રીપેમન્ટ પીરીયડ ૫ વર્ષ.

(૯) કોમર્શીયલ હોર્ટીકલ્ચર :-

આ યોજના હેઠળ નવીન બાગાયતી પાકોના વાવેતર માટે જમીન સુધારણા કરવા, ફાર્મ મીકેનાઈઝેશન માટેનો સાધનો વસાવવા, ઈરીગેશન સીસ્ટમ વસાવવા, તારની વાડ કરવા માટે સમગ્ર પ્રોજેકટને પ્રોજેકટ કોસ્ટના ૮૫% ધિરાણ કરવામાં આવે છે. આ યોજના હેઠળ નેશનલ હોર્ટીકલ્ચર બોર્ડ દ્વારા ૨૦% સહાય મળે છે. સહાય અંગેની કાર્યવાહી અરજદારે કરવાની હોય છે.

(૧૦) પ્લાન્ટેશન / પોલ્ટ્રી ફાર્મ :-

નાબાર્ડના નિતી નિયમ મુજબ પ્રોજેકટ રિપોર્ટના ૮૫% મુજબ ધિરાણ કરવામાં આવે છે.

(૧૧) સાબર ફાર્મ મેઈન્ટેનન્સ યોજના બાબત :-

બેંક દ્વારા જિલ્લાના ખેડૂતો કે જે મંડળીના નિયમીત વસુલાત આપતા હોય તેઓને ફાર્મ મેઈન્ટેનન્સ અંગેની આકસ્મીક જરૂરીયાત માટે સાબર ફાર્મ મેઈન્ટેનન્સ લોન યોજના તા. ૩૦-૦૫-૨૦૧૮ ના રોજની બોર્ડ ઓફ ડિરેકટર્સની મીટીંગથી મંજુર કરેલ છે. જે મુજબ ખેડૂત ખાતેદારને રીપેઈંગ કેપેસીટી આધારે એકર દીઠ રૂા. ૧૫,૦૦૦/- અને વધુમાં વધુ રૂા. ૫૦,૦૦૦/- નું ધિરાણ મંડળી મારફતે બેંક થકી મંજુર કરવામાં આવશે. જેની મુદત ૩ વર્ષની રહેશે.

(૧૨) સાબર કૃષિ તત્કાલ લોન યોજના :-

સેવા મંડળીના નિયમિત વસુલાત આપતા ખેડૂત સભાસદોને તેઓની ખેતી માટેની આકસ્મીક જરૂરીયાત માટે ખેડૂતે ધારણ કરેલ માલીકીની ખેતીની જમીનના પ્રમાણમાં હેકટર દીઠ રૂા. ૧,૦૦,૦૦૦/- પરંતુ મહત્તમ રૂા. ૫,૦૦,૦૦૦/- સુધીનું ધિરાણ મળી રહે તે માટે બેંકે ચાલુ વર્ષથી નવિન યોજના અમલમાં મુકેલ જેની મુદત ૫-૭ વર્ષની છે. બેંક દ્વારા ૩૧-૦૩-૨૦૨૦ સુધીમાં કુલ ૨૪૧૩.૬૯ લાખનું ધિરાણ સાબર કૃષિ તત્કાલ યોજના હેઠળ મંજુર કરવામાં આવેલ છે.

(૧૩) પ્રાથમિક કૃષિ વિષયક ધિરાણ સહકારી મંડળી (પેક્સ) માટે ખેત પેદાશોના સંગ્રહ કરવા નવા ગોડાઉનો બનાવવા માટેની રાજ્ય સરકારશ્રીની સહાયવાળી યોજના બાબત :-

રાજ્યમાં વૈજ્ઞાનિક સંશોધન, કૃષિ મહોત્સવ, ખેડૂતોને તાલીમ શીબીર તેમજ આધુનીક ખેત પદ્ધતિના ઉપયોગના કારણે ખેત ઉત્પાદનમાં વિપુલ પ્રમાણમાં વધારો થયેલ છે. પરંતુ ખેત ઉત્પાદનમાં વધારો થવાની સાથે વૈજ્ઞાનિક ઢબે ખેત ઉત્પાદન સંગ્રહશક્તિમાં તે પ્રમાણમાં વધારો થઈ શકેલ નથી. તેના પરિણામે ખેડૂતોએ ઉત્પન્ન કરેલ ખેત ઉત્પાદનનો બગાડ થાય અથવા સડી જાય અને ખેડૂતોને નુકશાન સહન કરવું પડે અથવા ચાલુ બજારે ખેત ઉત્પન્ન વેચી દેવું તેવી પરિસ્થિતિ ઉદ્ભવે તે સ્વાભાવિક છે. જો ખેડૂતોને મંડળી મારફતે સ્થાનિક કક્ષાએ પુરતા પ્રમાણમાં વૈજ્ઞાનિ ઢબે ખેત ઉત્પાદન સંગ્રહ કરવાની વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવામાં આવે તો તેઓને ખેત ઉત્પાદનના યોગ્ય બજારભાવ મળે ત્યાં સુધી સંગ્રહ કરી શકે અને વેરહાઉસીંગ રીસીપ્ટ ઉપર ધિરાણ મેળવી શકે અને તેમના ખેત

ઉત્પાદનના વ્યાજબી ભાવ પણ મળી શકે આમ સદર હકીકતને ધ્યાને લઈ રાજ્યમાં પેક્સ દ્વારા રાજ્યના ખેડૂતોને ખેત ઉત્પાદન સંગ્રહ કરવા માટે વૈજ્ઞાનિક ઢબે ગોડાઉન બનાવી સવલત ઉભી કરવા માટેની યોજના રાજ્ય સરકારશ્રીએ વર્ષ ૨૦૧૫-૧૬ રીપ્લેસમેન્ટ તથા વર્ષ ૨૦૧૬-૧૭ માટેની ગોડાઉન યોજના ચાલુ હતી. જે તમામ મંડળીઓના ગોડાઉનનું કામ પૂર્ણ થયેલ છે. વર્ષ ૨૦૧૭-૧૮ યોજના અંતર્ગત હાલ ગોડાઉનની કામગીરી ચાલુ છે. તથા વર્ષ ૨૦૧૮-૧૯ માં ગોડાઉન બનાવવા માગતી મંડળીઓનીવિગત સરકારમાં મંજુરી માટે મોકલી આપેલ છે. જેની મંજુરી હજુ સુધી મળેલ નથી. મંજુરી મળેથી લગત મંડળીને અત્રેથી જાણ કરવામાં આવશે. વર્ષ દરમ્યાન સરકારશ્રી તરફથી ૧૦ મંડળીના ગોડાઉન માટે રૂા. ૬૭.૫૪ લાખની સહાય મંજુર થયેલ છે. જે લગત મંડળીને જમા આપવામાં આવેલ છે.

(૧૪) દૂધાળા ઢોર ખરીદવા માટેની ''સ્વરોજગાર ડેરી ફાર્મ લોન'' (૧૨ દૂધાળા પશુ માટેની) યોજના બાબત :-

ગુજરાત સરકારશ્રીના કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ ગાંધીનગરના પત્ર નં. પઘન/ગસક-૨/૧૨૬૩/૨૦૧૮ તા. ૨૨-૪-૨૦૧૮ થી સ્વરોજગારીના હેતુ પશુપાલન વ્યવસાય માટે ૧૨ દૂધાળા પશુની ડેરી ફાર્મ લોન સહાય યોજના અમલમાં મુકવામાં આવેલ છે. જે સંબંધમાં પશુપાલકો/ખેડૂતો/દૂધ મંડળીની માંગણીને ધ્યાનમાં રાખી બેંકની તા. ૧૭-૦૫-૨૦૧૮ ના રોજની એક્ઝીક્યુટીવ કમીટીના ઠરાવ નંબર ૨(ડી) થી વ્યક્તિગત દૂધાળા ઢોર માટેની સ્વરોજગાર ડેરી ફાર્મ લોન યોજના બેંકે અમલમાં મૂકેલ છે. સદર યોજના હેઠળ સહાય માટે પશુ ખરીદી ડેરી ફાર્મનું બાંધકામ, પશુ વિમો આ ત્રણ કોમ્પોનન્ટ ફરજીયાત હતા. આ ઉપરાંત ઈલેક્ટ્રીક ચાફ કટર, મીલ્કીંગ મશીન તથા ફોગર સીસ્ટમ સામે સહાય મળવાપાત્ર હતી. હાલ સદર યોજના બંધ છે. વર્ષ દરમ્યાન બેંક દ્વારા ૧૨ અરજદારોને રૂા. ૧,૦૮,૦૦,૦૦૦/- ની લોન મંજુર કરેલ. જે સામે ૧૨ અરજદારોએ રૂા. ૧,૦૮,૦૦,૦૦૦/- લોન નો ઉપાડ કરી કેટલ શેડ બનાવવાની તથા દૂધાળા ઢોર ખરીદીની કામગીરી પૂર્ણ કરેલ છે.

(૧૫) પ્રધાનમંત્રી માનધન યોજના (PM - KMY)
પ્રધાનમંત્રી શ્રમયોગી માનધન યોજના (PM - SYM)

પ્રધાનમંત્રી માનધન ફાળા લોન યોજના (PM-KMY) નાના સીમાન્ત ખેડૂતો પ્રધાનમંત્રી વેપારી માનધન યોજનાઅને પ્રધાનમંત્રી શ્રમયોગી માનધન યોજના (PM-SYM) જેની ઉંમર ૧૮ થી ૪૦ વર્ષના શ્રમયોગીઓની માસિક આવક રૂા. ૧૫,૦૦૦/- તેમજ નાના સિમાન્ત ખેડૂતો કે જેમની જમીન ૫ એકરથી ઓછી છે તેવા અરજદારોને રૂા. ૧૫,૦૦૦/- થી ૪૫,૦૦૦/- સુધીની લોન ૩ થી ૭ વર્ષની મુદતથી વ્યક્તિ અરજદારોને ૧૧.૫૦% અને સેવા મંડળીને ૧૦.૫૦% થી ધિરાણ કરવામાં આવે છે.

(૧૫) સોલાર રૂફટોપ લોન યોજના :-

સુર્ય ગુજરાત (સોલાર રૂફટોપ) લોન યોજના અંતર્ગત વ્યક્તિગત રહેણાંક માટે/મંડળીઓ/સંસ્થાઓને સોલાર વસાવવા માટે મહત્તમ ૫ વર્ષની મુદતથી વ્યક્તિગત ૧૧.૫૦% નાદરે કુલ કિંમતમાંથી મળવાપાત્ર સબસીડીની રકમબાદ કર્યા પછી તેઆધારે બાકી રહેતી રકમના ૭૫% સુધી રૂા. ૩ (ત્રણ) લાખની મર્યાદામાં લોનઆપવામાં આવે છે. તેમજ મંડળી/સંસ્થાઓને ૧૦.૫૦% ના દરે સબસીડી બાદ થતાં નેટ કિંમત મુજબની રકમના ૭૫% અથવા વધુમાં વધુ ૮ લાખ સુધીની મર્યાદા નક્કી કરેલ છે. વર્ષ દરમ્યાન બેંક કુલ ૬ લોન કેસ ૯.૮૯ લાખ મંજુર કરેલ છે.

મંડળીઓ/સંસ્થાઓને બિનખેતી વિષયક મધ્યમ મુદત ધિરાણો

(૧) સેવા મંડળીઓ / દૂધ મંડળીઓ / અન્ય સહકારી સંસ્થાઓને :-

૧) **તેમના ગોડાઉન / ઓફીસ બાંધકામ માટે મ.મુ. ધિરાણ :-**

એસ્ટીમેટના ૭૫ ટકા સુધી રીપેમેન્ટ પીરીયડ ૭ વર્ષ

૨) **ગ્રામીણ ભંડારણ યોજના હેઠળ સેવા મંડળીઓને ગોડાઉન લોન :-** રીપેમેન્ટ પીરીયડ ૧૦ વર્ષ

ભારત સરકાર દ્વારા પુરસ્કૃત આ યોજના હેઠળ નાબાર્ડની ગાઈડ લાઈન મુજબ સહાયની ઉપલબ્ધીના ધોરણે સેવા મંડળીઓને નવિન ગોડાઉન બાંધકામ તથા રીનોવેશન માટે એસ્ટીમેટના ૭૫ ટકા મુજબ તથા મંડળી મારફતે સભાસદોને રૂા. ૬.૦૦ લાખ સુધી ધિરાણ કરવામાં આવે છે.

૩) **દૂધ મંડળીઓને મીલ્કો ટેસ્ટર / કોમ્પ્યુટર માટે :-**

ક્વોટેશનના ૭૫ ટકા મુજબ રીપેમેન્ટ પીરીયડ ૫ વર્ષ

૪) **મીનરલ વોટર પ્લાન્ટ :-**

મંડળીઓને મીનરલ વોટર પ્લાન્ટ માટે કુલ ખર્ચના ૮૫% સુધી ધિરાણ આપવામાં આવે છે.

(૨) સેવા મંડળીઓને / ખરીદ વેચાણ સંઘોને / સહકારી જીનોને :-

૧. કૃભકોના શેર ખરીદવા માટે રૂા. ૫/- લાખ.

૨. ઈફકોના શેર ખરીદવા માટે રૂા. ૯/- લાખ.

શેર ખરીદવા માટે ૧૦ ટકાના માર્જીનની ૯૦ ટકા સુધી એટલે કે રૂા. ૧૦૦ ના શેર ખરીદવા રૂા. ૯૦ પ્રમાણે રૂા. ૯ લાખ સુધીની લોન મંજુર કરવામાં આવે છે. (ખાસ કરીને ઉત્તમ કામગીરી વાળી આર્થિક રીતે સદ્ધર સારી વસુલાતવાળી મંડળીઓને) રીપેમેન્ટ પીરીયડ ૭ વર્ષ

૩. સેવા મંડળીઓને તેમના ચાલુ ખાતા ઉપર ઓવર ડ્રાફટ :-

આ સગવડ ખાસ કરીને ફડચા હેઠળનીમંડળીઓને કાયદાકીય કામગીરી સારૂ આપવામાં આવે છે.

૪. મંડળીઓ / વ્યક્તિઓને વિવિધ પ્રવૃત્તિઓ માટે ગેરંટી આપવામાં આવે છે (મુદત ૧ વર્ષ માટે કમીશન સેકડે રૂા. ૧/- લઈને)

ખેતી વિષયક મંડળીઓ મારફતે તેમના સભાસદોને બિનખેતી મધ્યમ મુદત ધિરાણ (બિનખેતી ધિરાણ કરવાના પેટા નિયમ સ્વીકારેલ મંડળીઓ મારફતે જ)

(૧) વાહન ખરીદવા માટે વાહન લોન :-

(મોટર સાયકલ, સ્કૂટર, ટેમ્પો, કાર, મેટાડોર, જીપ, લોડીંગ રીક્ષા વિ. માટે)

વાહનની મૂળ કિંમતના ૭૫ થી ૮૫ ટકા સુધીની રકમ (પાર્સીંગ, વીમો, એસેસરીઝ સિવાય) રીપેમેન્ટ પિરીયડ ૩ થી ૭ વર્ષ માટે મોટર સાયકલ, સ્કૂટર સિવાયના વાહનો માટે જમીન મર્યાદા ઓછામાં ઓછી ૩ એકર પિયત જમીન.

(૨) ફાર્મ હાઉસ ઘર બનાવવા માટે :-

ફાર્મ હાઉસ બાંધકામના કુલ ખર્ચના ૭૫% અને વધુમાં વધુ રૂા. ૫/- લાખ સુધી જમીનની મર્યાદા ૫ એકર, પિયત જમીન, છેલ્લા પાંચ વર્ષથી નિયમીત વસુલાત આપનાર સભાસદને જ. રીપેમેન્ટ પીરીયડ ૧૦ વર્ષ.

(૩) મંડળીઓના સભાસદોને તેમના બાળકોના ઉચ્ચ અભ્યાસ જેવા કે મેડીકલ, એન્જીનીયરીંગ તથા ફાર્મસીના અભ્યાસક્રમ માટે આપવામાં આવતુ મ. મુ. ધિરાણ :-

આવુ ધિરાણ અભ્યાસક્રમની મુદત આધારીત આપવામાં આવે છે એટલે કે ૪ થી ૫ વર્ષ માટે.

૧. ભારતમાં અભ્યાસ માટે રૂા ૫/- લાખ, મેડીકલ અભ્યાસ માટે મહત્તમ રૂા. ૧૦/- લાખ.

૨. વિદેશમાં અભ્યાસ માટે મહત્તમ રૂા. ૧૦/- લાખ.

અભ્યાસક્રમના વર્ષ પ્રમાણે દર વર્ષે ઉપાડ મળશે.

નોંધ:- (૧) ઉચ્ચ અભ્યાસ અંગેનું આખરી અર્થઘટન બેંકના બોર્ડ દ્વારા કરવામાં આવશે.

(૨) અભ્યાસક્રમ પુરો થયા પછીના વર્ષથી પાંચ વાર્ષિક હપ્તાથી વસુલાત ભરવાની હોય છે. જમીન મર્યાદા ઓછામાં ઓછી ૫ એકર પીયત જમીન.

વ્યક્તિગત નોમીનલ સભાસદ બનાવી આપવામાં આવતુ સીધુ, બિનખેતી મધ્યમ મુદત ધિરાણ

(૧) વાહન (નવીન વાહન) ખરીદવા માટે :-

વાહન લોન (સ્કૂટર, મોટર સાયકલ, ટેમ્પો, મેટાડોર, મોટર, જીપ, લોડીંગ રીક્ષા વિ. માટે) નિયમિત આવક ધરાવતા તથા ઈન્કમટેક્ષ રીર્ટન ભરતા વ્યક્તિઓ માટે કવોટેશનના ૮૫% સુધી ધિરાણ આપવામાં આવે છે. ખેડૂતો માટે સ્કૂટર, મોટર સાયકલ સિવાયના વાહનો માટે જમીન મર્યાદા ઓછામાં ઓછી ૩ એકર રીપેમેન્ટ પીરીયડ ૩ થી ૭ વર્ષ વાહનની મૂળ કિંમતના ૭૫ થી ૮૫% સુધીની રકમ (પાર્સીંગ, વિમો, એસેસરીઝ સિવાય) લોન તરીકે મંજુર કરી શકાશે.

(૨) વ્યક્તિગત રીકે મકાન બાંધકામ તૈયાર મકાન / ફલેટ ખરીદવા માટે :-

અ) જિલ્લાના વતની અને સરકારી, સહકારી, અર્ધસરકારી, સ્થાનિક સ્વરાજની સંસ્થામાં નોકરી કરતાં કાયમી કર્મચારીઓ, ધંધાદારીવ્યક્તિઓ અને સ્વરોજગારી વ્યક્તિએ જેવી કે, ડૉકટર, એન્જીનીયર્સ વિગેરે કે જેઓ વાર્ષિક ઓછામાં ઓછી ૧,૫૦,૦૦૦/- આવક ધરાવતા હોવા જોઈએ.

બ) લોનની મહત્તમ મર્યાદા :

ગ્રામ્ય વિસ્તાર માટે	:	રૂા. ૭.૫૦/- લાખ
તાલુકા વિસ્તાર માટે	:	રૂા. ૧૦.૦૦/- લાખ
જિલ્લા મથક માટે	:	રૂા. ૩૦.૦૦/- લાખ

ક) તૈયાર મકાન ખરીદવાનું હોય તો મકાન ખરીદીનો રજીસ્ટર્ડ બાનાખત તેમજ બેંક માન્ય એન્જીનીયરનો વેલ્યુએશન રીપોર્ટના ૭૫% અથવા લોનની મહત્તમ મર્યાદા બે પૈકી જે ઓછું હોય તેટલી લોન મંજુર કરવામાં આવે છે. (રીપેમેન્ટ પીરીયડ ૨૦ વર્ષ લોનના માસીક હપ્તાથી ભરપાઈ કરવાનું હોય છે.)

ડ) જિલ્લાના ખેડૂત ખાતેદારને પણ ઉપર જણાવેલ લોનની મર્યાદામાં સેવા મંડળી મારફતે લોન મંજુર કરવામાં આવે છે. જે માટે ઓછામાં ઓછી જમીન ૫.૦૦ એકર હોવી જોઈએ.

(૩) વ્યક્તિગત રીતે વેપાર માટે હાઈપોથીકેશન શાખ :-

જે તે શાખા વિસ્તારના વેપારી / પેઢી તરફથી આવી શાખ અરજી આવતા તેનાં વેપારી ઉથલો, આર્થિક સદ્ધરતા તેમજ જરૂરી મિલ્કત વિ.ની ચકાસણી કરી આવી શાખ એક વર્ષની મુદત માટે વધુમાં વધુ રૂા. ૨૫-૦૦ લાખની મર્યાદામાં મંજુર કરવામાં આવે છે. એક વર્ષ પુરૂ થયે આ શાખ રીન્યુ થઈ શકે છે.

(૪) બેકેબલ / બાજપાઈ સ્વ રોજગાર યોજના હેઠળનું ધિરાણ :-

